વનરક્ષક, વર્ગ-૩ / વન વિસ્તરણ મદદનીશ
વર્ગ-૩ સંવર્ગના કર્મચારીઓને પરિક્ષેત્ર વન
અધિકારી, વર્ગ-૨ સંવર્ગનું રિવાઇઝ દ્વિતીય
ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવા બાબત.

ગુજરાત સરકાર
વન અને પર્યાવરણ વિભાગ
હુકમ ક્રમાંક :- પગર-૩૪૧૮-૬૩૯-ડ.૨
સચિવાલય, ગાંધીનગર.
તા: 26 APR 2019

<u>વંચાણે લીધા</u> :

(૧) નાણા વિભાગનો તા.૧૬/૦૮/૧૯૯૪નો ઠરાવ ક્રમાંક : પગર-૧૧૯૪-૪૪-મ.

(૨) નાણા વિભાગનો તા.૦૨/૦૭/૨૦૦૭નો ઠરાવ ક્રમાંક : પગર-૧૦૨૦૦૭-૬૧૫-મ.

(૩) વન અને પર્યાવરણ વિભાગનો તા.૩૧/૧૨/૨૦૧૪નો ઠરાવ ક્રમાંક:મહક-૧૮૧૪-૨૩૨૩-ડ.૨

(૪) આ વિભાગના તા.૨૭/૦૯/૨૦૧૦ના પત્રાંક:- મહક/૧૮૧૦/૧૫૩૪/ડ-૨, તા.૧૧/૧૦/૨૦૧૧ ના પત્રાંક:- મહક/૧૮૧૦/૧૫૩૪/ડ-૨ અને તા.૨૭/૦૯/૨૦૧૦ના પત્રાંક:- મહક/૧૮૧૦/૧૫૩૪/ ડ-૨, તા.૧૧/૧૦/૨૦૧૧ ના પત્રાંક:- મહક/૧૮૧૦/૧૫૩૪/ડ-૨

(૫) અગ્ર મુખ્ય વન સંરક્ષક,,ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૯/૧૦/૨૦૧૪ના હુકમ ક્રમાંક:- મહક/૮/બ/૨૮૭૨/૨૦૧૪-૧૫ અને મહક/૮/બ/૨૮૭૫/૨૦૧૪-૧૫

(૬) અગ્ર મુખ્ય વન સંરક્ષક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના તા.૨૩-૦૧-૨૦૧૮ ના પત્રાંક:-મહક/૮/અ/ ૧૬૯૯/૨૦૧૭-૧૮,તા.૩૧-૦૩-૨૦૧૮ના પત્રાંક:-મહક/૮/અ/૨૨૬૪/૨૦૧૭-૧૮ તથા મહક/૭/અ/ ૨૨૭૨/૨૦૧૭-૧૮, તા.૦૪-૦૮-૨૦૧૮ના પત્રાંક:- મહક/૮/અ/૪૬૮-૬૯/૨૦૧૮-૧૯, તા.૨૪-૦૯-૨૦૧૮ના પત્રાંક:- મહક/૮/અ/૫૩૦-૫૩૧/૨૦૧૮-૧૯, તા.૩૧-૧૧-૨૦૧૮ના પત્રાંક:- મહક/૮/અ/ ૧૨૨૩/૨૦૧૮-૧૯, તા.૨૦-૧૧-૨૦૧૮ના પત્રાંક:- મહક/૮/અ/૧૨૬૫/૨૦૧૮-૧૯, અને તા.૧૨-૧૨-૨૦૧૮ના પત્રાંક:- મહક/૮/અ/૧૩૫૩/૨૦૧૮-૧૯

(૭) ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવાની ખાતાકીય પસંદગી સમિતિની તા.૦૧/૦૪/૨૦૧૯ની કાર્યવાહી નોંધ.

<u>હુકમ</u> :

વંચાણે લીધેલ- ક્રમ-(૪) ઉપરના આ વિભાગના પત્રોથી અને ક્રમ-(૫) ઉપરના અગ્ર મુખ્ય વન સંરક્ષક, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી હુકમોથી નીચે કોષ્ટકમાં દર્શાવેલ વનરક્ષક /

વનપાલ / વન વિસ્તરણ મદદનીશ, વર્ગ-૩ સંવર્ગના કુલ-૮ કર્મચારીઓના કિસ્સામાં આ અગાઉ પરિક્ષેત્ર વન અધિકારી, વર્ગ-૨ સંવર્ગનું દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ મંજૂર કરવામાં આવેલ હતુ. પરંતુ વિવિધ કારણોસર સદરહુ-૮ કર્મચારીઓનું દ્વિતીય ઉચ્ચત્તર પગારધોરણ રિવાઇઝ કરવા બાબતે ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૫) ના પત્રોથી અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી કચેરી દ્વારા વિગતવાર દરખાસ્તો કરવામાં આવેલ હતી.

ઉપરોક્ત દરખાસ્ત મુજબના કુલ-૦૮ કેસોની સમીક્ષા કરવા માટે વંચાણે લીધેલ-(૩)ના ઠરાવથી રચાયેલી ઉચ્ચત્તર પગાર ધોરણ મંજૂર કરવા માટે પસંદગી સમિતીની બેઠક તા.૦૧-૦૪-૨૦૧૯ના રોજ સાંજે ૧૫-૦૦ કલાકે મળી હતી. જેમાં થયેલ વિચારણા અંગેની વંચાણે લીધેલ ક્રમ-(૫) મુજબની કાર્યવાહી નોંધથી થયેલ ભલામણ મુજબ નીચે દર્શાવેલ કુલ-૮ કર્મચારીઓના કિસ્સામાં તેમના નામ સામે કોલમ નં.૦૬ માં દર્શાવેલ સુધારેલ તારીખથી પરિક્ષેત્ર વન અધિકારીની જગ્યાનું મળવાપાત્ર દ્વિતીય ઉચ્ચતર પગાર ધોરણ નીચે મુજબની શરતોને આધીન મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | નામ | હોદ્દો | વિભાગીય કચેરીનું નામ | દ્વિતીય ઉ.પ.ધો મંજૂર કર્યા અંગેની અગાઉની તારીખ | દ્વિતીય ઉ.પ.ધો મંજુર કરવાની સુધારેલ તારીખ |
|---|---|---|---|---|---|
| 1 | 2 | 3 | 4 | 5 | 6 |
| ૧ | શ્રી આઇ.એ.મુજાવર | વનપાલ | ગીર પ્રશ્ચિમ | ૨૧-૦૧-૨૦૦૭ | ૧૪-૧૦-૨૦૦૭ |
| ૨ | શ્રી વી.બી.ચૌહાણ | વનરક્ષક | ગીર સોમનાથ | ૦૧-૦૩-૨૦૦૮ | ૨૫-૧૧-૨૦૧૦ |
| ૩ | શ્રી ટી.બી.દવે | વનરક્ષક | એમ.એન.પી. જામનગર | ૨૬-૧૧-૨૦૦૯ | ૧૨-૧૧-૨૦૧૬ |
| ૪ | શ્રી એફ.આર.મકરાણી | વનરક્ષક | બનાસકાંઠા | ૦૨-૦૭-૨૦૧૪ | ૩૦-૦૯-૨૦૧૧ |
| ૫ | શ્રી આર.વી.પટેલ | વ.વિ.મ | રેન્જર્સ કોલેજ, રાજપીપળા | ૨૯-૧૦-૨૦૧૪ | ૨૭-૦૪-૨૦૦૮ |
| ૬ | શ્રી કે કે યાદવ | વ.વિ.મ | વ.પ્રા. વડોદરા | ૨૯-૧૦-૨૦૧૪ | ૧૯-૧૦-૨૦૦૭ |
| ૭ | શ્રી એમ.એમ.સિંન્ધી | વ.વિ.મ | વડોદરા | ૨૯-૧૦-૨૦૧૪ | ૧૧-૦૪-૨૦૦૭ |
| ૮ | શ્રી એમ.કે.મીનામા | વનરક્ષક | ગોધરા | ૦૧-૧૨-૨૦૦૬ | ૦૨-૧૨-૨૦૦૬ |

શરતો:-

(૧) ઉક્ત કર્મચારીઓના વિગતવાર ઉચ્ચત્તર પગાર ધોરણના હુકમો અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજ્ય, ગાંધીનગરની કચેરી દ્વારા કરવાના રહેશે.

(૨) આ હુકમથી મંજૂર કરવામાં આવેલ ઉચ્ચત્તર પગારધોરણની પાત્રતા તારીખને ધ્યાને લઇ, યથાસમય પ્રવર્તમાન પગારપંચ મુજબનું પગાર ધોરણ મંજૂર કરવાનું રહેશે.

(૩) નાણાં વિભાગના તા.૨-૭-૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:પગર/૧૦૨૦૦૭/૬૧૫/મ, થી નિયત કરેલ બાહેંધરી પત્રો સંબંધિત કર્મચારીઓ પાસેથી મેળવી લેવાના રહેશે તેમજ આ અંગેની આનુષાંગિક કાર્યવાહી દિન-૭ માં પૂર્ણ કરી, આ વિભાગને જાણ કરવાની રહેશે.

(૪) આ મંજૂરી ઓડીટ ચકાસણીને આધીન રહેશે તે પણ ઉચ્ચત્તર પગાર ધોરણના મંજૂરીના હુકમમાં સ્પષ્ટ દર્શાવવાનું રહેશે અને દ્વિતીય ઉચ્ચત્તર પગાર ધોરણ મુજબનો પગાર તથા એરીયર્સની રકમનુ ચુકવણું સક્ષમ સત્તા પાસે ઓડિટ કરાવ્યા બાદ જ કરવાનું રહેશે.

(૫) ઉક્ત કર્મચારીઓ પૈકી કોઇ કર્મચારીએ બઢતીનો અસ્વીકાર કરેલ હશે તો ઉચ્ચતર પગાર ધોરણનો લાભ રદ થશે અને હાલની ફરજના સંવર્ગમાં પગાર અને ભથ્થા તેઓ મેળવશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( ગગુભા રાજ )
ઉપ સચિવ (સેવા)
વન અને પર્યાવરણ વિભાગ

પ્રતિ,

(૧) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી અને હેડ ઓફ ફોરેસ્ટ ફોર્સ, ગુજરાત રાજય, અરણ્યભવન, ગાંધીનગર તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.

(૨) અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, વહીવટ અને આઇ.ટી., અરણ્ય ભવન, ગાંધીનગર તરફ જાણ અને જરૂરી કાર્યવાહી સારૂ.

(૩) એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.

(૪) સિસ્ટમ મેનેજરશ્રી, વન અને પર્યાવરણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ વિભાગની વેબસાઇટ ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૫) નાયબ સેકશન અધિકારીશ્રી સિલેકટ ફાઇલ

(૬) સિલેકટ ફાઇલ.